# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika





વર્ષ : ૦૧ ૨૦૨૫ : નવેમ્બર

અંક : ૧૧



**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડ્યા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ–૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩



**: પ્રકાશક :**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

### શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૫૦૦૧/–ના દાતા



વડોદરા નિવાસી શ્રી જયેશભાઈ હરિવદન જોષીના પૂત્રી શ્રીમતી જાનકીબેન તથા જમાઈ શ્રી સુજાનકુમાર તરફથી એમના દાદા તથા દાદીના સ્મરણાર્થે શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદને અન્નપૂર્ણા સહાય યોજના અંતર્ગત રૂ. ૫૧૦૦૦/–નું માતબર દાન–ફંડ મળેલ છે. શ્રી જાનકીબેન તથા સુજાનકુમાર ન્યુઝીલેન્ડ ખાતે સીટીઝન છે અને ત્યાં જ સ્થાયી થયેલા છે. શ્રી જાનકીબેનને સંતાનમાં એક પૂત્રી ધનવી છે. શ્રી જાનકીબેનના પિતાશ્રી જયેશભાઈ હરિવદન જોષીનું મૂળ વતન ઉમરેઠ છે. BSNL જોબ કરી અત્યારે તેમના ધર્મપત્ની શ્રીમતી કલ્પનાબેન કે જેઓ નડિયાદ નિવાસી મહેન્દ્રપ્રસાદ પ્રાણલાલ દવેના પૂત્રી સાથે નિવૃત્ત જીવન આનંદપૂર્વક પસાર કરે છે. એમના એકમાત્ર અપરણિત પૂત્રરત્ન શ્રી આસુતોષ BE Electronical Engineering સાથે PR છે. જે કેનેડા સ્થાયી થયેલ છે. જે કેનેડામાં TD Bank માં સારી જોબ કરે છે. તેઓ લગ્ન ઇચ્છુક છે. શ્રી જયેશભાઈના પિતાશ્રી હરિવદનભાઈ તથા માતાશ્રી કુમુદબેન વર્ષો સુધી ભરૂચ ખાતે શેઠ ફળિયામાં રહ્યા. બાદ રેલ્વેમાં નોકરીને લીધે વડોદરા સ્થાયી થયા. શ્રી જયેશભાઈ, શ્રી કલ્પનાબેન, શ્રી જાનકીબેન, શ્રી સુજાનકુમાર તથા શ્રી આસુતોષભાઈનો દાદા–દાદી પ્રત્યેનો સ્નેહ પ્રેમ અને લાગણી અલૌકિક છે. જેનું ઉદાહરણ આજે અમારી સંસ્થાને માતબર દાન આપી ઉજાગર કર્યું છે. અમો શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ સમગ્ર ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ એમનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માને છે.

**શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – અમદાવાદ**

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિ.
## વિદ્યોતેજક ફંડ રૂ. ૫૦૦૧/–ના દાતા



**પૂજ્ય કિરીટકાન્ત મણીલાલ દવે**
**પૂજ્ય ભદ્રાબેન કિરીટકાન્ત દવે**

*જન્મેશ દવે તરફથી તેના પૂજ્ય દાદા અને બા,*

*પૂજ્ય કિરીટકાન્ત મણીલાલ દવે*

*અને*

*પૂજ્ય ભદ્રાબેન કિરીટકાન્ત દવેની*

*પુણ્યસ્મૃતિમાં વિદ્યોતેજક ફંડમાં દાન આપેલ છે.*

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

(શ્રીમતી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન) ૧–૨, રામેશ્વર એપાર્ટમેન્ટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણીનગર (પૂર્વ), અમદાવાદ–૩૮૦૦૦૮. મો. : ૭૫૭૩૯૭૮૪૭૭

## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન

**શક્તિ પથિકાશ્રમ, ચેવલાબીડી વાલા ગ્રાઉન્ડ, હિંમતનગર–અંબાજી રોડ, અંબાજી**

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન **તા. ૨૮–૧૨–૨૦૨૫ને રવિવારના ચેવલા બીડીવાલા હોલ, અંબાજી ખાતે** યોજાઈ રહ્યું છે ત્યારે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રીઓ, પ્રમુખશ્રી, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ આપ સૌને આવકારતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

અધિવેશન પ્રસંગે ગામેગામથી અધિવેશનમાં બસમાં આવતા જ્ઞાતિજનોને અમારી નમ્ર વિનંતી છે કે, નીચે મુજબની સુચનાઓનો અમલ કરશો તો આપની આ યાત્રા આનંદમય અને યાદગાર બનશે.

(૧) દરેક ગામમાંથી જે–તે વ્યક્તિ કે મંડળ દ્વારા સમયની જાણ કરવામાં આવેલી છે. આપ સમયસર બસમાં બેસી જશો. બસ સમયસર ઉપડી જશે જેની ખાસ નોંધ લેશો.

(૨) આપને બસમાં ઉપડતી વખતે એક માહિતીસભર પત્ર આપવામાં આવશે જે વાંચશો અને તેનો અમલ કરશો તો સમગ્ર દિવસ દરમ્યાન કોઈ જ તકલીફ પડશે નહીં.

(3) બસમાં બેસતા જ આપને મીનરલ વોટરની પાણીની બોટલ આપવામાં આવશે. શિયાળાનો સમય હોવાથી ઠંડા પાણીની જરૂર પડશે નહીં જેથી આ બોટલ આખો દિવસ ચાલશે. જરૂર પડે અધિવેશન સ્થળ પરથી આપને પાણી રાત્રી સુધી મળતું રહેશે.

(૪) રસ્તામાં આપણે આપણા કુળદેવી ક્ષીરજામ્બા ખાતે દર્શનનો લાભ લઈશું. ત્યાં આપને ફ્રેશ થવા માટેની વ્યવસ્થા છે.

(૫) સવારમાં આપણે ૯.૦૦ વાગ્યા પહેલા અધિવેશન સ્થળે પહોંચીયે તો ચા–નાસ્તો કરી સમયસર અધિવેશન આપણે શરૂ કરી શકીશું. બધું જ સમયસર શરૂ કરી પૂર્ણ થાય તેમાં તમારો ફાળો મહંદ અંશે રહેશે.

સાથે સાથે જે તે ગામોમાંથી બસ ઉપડવાની છે તે મંડળો અથવા વ્યક્તિઓનો અને અધિવેશનમાં હાજર રહેલા સૌ જ્ઞાતિજનોને આવકાર આપી આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. સૌનો એડવાન્સમાં આભાર માની અહેસાનની લાગણી અનુભવીએ છીએ.

આ તબક્કે આપના અંબાજીમાં આગમનથી અંબાજી વિદાય થતા સુધીમાં સવારનો ચા–નાસ્તો, બપોરનું ભોજન તથા રાત્રિ ભોજનનું આયોજન સુંદર રીતે કરવામાં આવેલ છે. એક સાથે ૯૦૦ માણસ જમવાના હોઈ કદાચ થોડી લાઈન થાય તેવા સંજોગોમાં સિનીયર સિટીઝનો, બાળકો અને બહેનોને પ્રથમ પ્રાથમિક્તા આપવા અમારી નમ્ર વિનંતી છે. સમગ્ર દિવસ દરમ્યાન ક્યાંય કોઈ વસ્તુ ખૂટશે કે ઓછી મળશે નહીં તેની અમો તમોને સંપૂર્ણ ખાતરી આપીએ છીએ. આ પ્રસંગ આપનો, આપના વડે દીપી ઉઠેલો પ્રસંગ છે તો આવો સૌ સાથે મળી આનંદ કરીએ.

ફરી એક વખત આપ સૌને આવકારતાં અમો સૌ પ્રમુખશ્રી, મંત્રીશ્રી, કો–ઓર્ડીનોટર શ્રી, ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ.

**કિરીટકુમાર દવે** – પ્રમુખશ્રી
**પ્રણવભાઈ જોષી** – કો–ઓર્ડીનેટર
**ભરતભાઈ ભટ્ટ** – અધ્યક્ષશ્રી
**સમીરભાઈ દવે** – મંત્રીશ્રી

**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ**

## શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

શ્રી બાજખેડાવાળ મંડળ આણંદ દ્વારા મહોત્સવ ખાતે (શરદોત્સવ તથા સ્નેહમિલન સમારંભ) નીચે મુજબની વિગતથી દાન ભેટ મળેલ છે.

(૧) રૂ. ૫૦૦૦/– સ્વ. પ્રિતીબેન મહેશકુમાર દવે (૨) રૂ. ૫૦૦૦/– વાસુદેવભાઈ કૃષ્ણપ્રસાદ શુક્લ (3) રૂ. ૫૦૦૦/– ભારતીબેન અનિલકુમાર ભટ્ટ (૪) રૂ. ૫૦૦૦/– પ્રો. અનિલકુમાર કે. ભટ્ટ (૫) રૂ. ૫૦૦૦/– શ્રી કિરીટકુમાર પી. દવે (૬) રૂ. ૫૦૦૦/– માયાબેન કિરીટકુમાર દવે (૭) રૂ. ૫૦૦૦/– ભારતીબેન અનંતભાઈ પંડ્યા (૮) રૂ. ૫૦૦૦/– કેતનબેન નિલેશભાઈ દવે (૯) રૂ. ૫૦૦૦/– હર્ષાબેન મુકેશકુમાર દવે (૧૦) રૂ. ૫૦૦૦/– પ્રવિણાબેન નરેન્દ્રભાઈ પંડ્યા (૧૧) રૂ. ૫૦૦૦/– રિદ્ધીબેન રૂચિર દવે (૧૨) રૂ. ૫૦૦૦/– રૂચિર કિરીટકુમાર દવે (૧૩) રૂ. ૫૦૦૦/– કલ્પનાબેન કિરીટકુમાર દવે (૧૪) રૂ. ૫૦૦૦/– મિષ્કા રૂચિર દવે (૧૫) રૂ. ૫૦૦૦/– ધનવી રૂચિર દવે.

ઉપરોક્ત રકમ દાતાઓ તરફથી સ્વૈચ્છીક મળેલ છે તેઓશ્રીઓનો આભાર. શરદોત્સવમાં ૩૬૦ જ્ઞાતિજનો તથા નૂતન વર્ષમાં ૩૧૦ જ્ઞાતિજનોએ ભાગ લઈ પ્રોગ્રામને સફળ બનાવ્યો. બંને પ્રોગ્રામની શરૂઆતમાં સુંદર ભોજનનું આયોજન કરવામાં આવેલ અને હાજર રહેલા સભ્યોને સ્મૃતિભેટ આપવામાં આવેલ. શરદોત્સવમાં રૂ. ૩૦/– ટોકન તથા નૂતનવર્ષના કાર્યક્રમમાં રૂ. ૫૦/– ટોકન લેવામાં આવેલ.

પ્રમુખશ્રી દ્વારા હાજર રહેલા જ્ઞાતિજનોને આવકારવામાં આવ્યા અને પ્રત્યક્ષ હાજરી બદલ આભાર માનવામાં આવ્યો.

**કિરીટકુમાર દવે** – પ્રમુખશ્રી
**ફાલ્ગુન ઠાકર** – મંત્રીશ્રી

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. ફોન ૦૨૬૯૨–૨૪૪૨૧૨

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, આણંદ દ્વારા તા. ૦૬–૧૧–૨૫ મંગળવારના રોજ ખૂબ જ આનંદ ઉત્સાહ સાથે સભ્ય બહેનોની હાજરી થી સ્નેહમિલન કાર્યક્રમ ઝગમગી ઉઠ્યો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન ડૉ. પ્રવિણાબેન નરેન્દ્રભાઈ પંડ્યા, ડૉ. મિનાક્ષીબેન ભટ્ટ, ભારતીબેન અનિલભાઈ ભટ્ટ ઉપસ્થિત અન્ય દાતાઓ દ્વારા દિપ પ્રાકટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી.

દીકરી પ્રીશા શૈલેન્દ્રભાઈ મહેતાએ ભારત નાટ્યમ દ્વારા ગણેશ વંદના કરી. સર્વે સભ્ય બહેનોના મન હરી લીધા. ત્યારબાદ પ્રમુખ પાયલબેન પી. દવે દ્વારા દિવાળી પર્વની શુભકામના સાથે સર્વે કમીટી તરફથી તથા યુ.એસ.એ.થી ડૉ. વનલતાબેન ભટ્ટ સર્વે વતી નવા વર્ષના જયશ્રીકૃષ્ણ પાઠવી શુભેચ્છા પાઠવી. ડૉ. પ્રવિણાબેન પંડ્યાનું સ્વાગત દક્ષાબેન ખંભોળજા તથા પાયલબેન દવેએ કરી અન્ય દાતાઓનું સન્માન કમીટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું.

કાર્યક્રમનું મુખ્ય આયોજન ઉપપ્રમુખ ગીતાબેન એચ. શુક્લ તથા સર્વે કમીટીની બહેનોના સાથ સહકાર દ્વારા ઉજવવામાં આવેલ. સંગીતમય કરાઓકે મ્યુઝીકલ કાર્યક્રમ "પુરાને નગમે"ની શરૂઆતથી જ સર્વે બહેનોના તન–મન ઝુમી ઉઠ્યા. જુના ગીતોની મહેફિલ દ્વારા રીટાબેન ઢગટ, સપનાબેન ભટ્ટ, બિંદુબેન ભટ્ટે ડાન્સ કરી સર્વેના ઉત્સાહમાં આનંદ કરાવ્યો. સાથે ગરબાની રમઝટમાં સર્વે બહેનો જોડાઈ. "અમે ગુજરાતી લહેરી લાલા" સુરમ્ય સૌજન્ય સર્વે દાતાશ્રીઓનો પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી તથા કારોબારી સભ્યો તરફથી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છે. જેઓના નામ નીચે મુજબ છે.

(૧) ડૉ. પ્રવિણાબેન નરેન્દ્રભાઈ પંડ્યા તરફથી રૂ. ૭૫૫૧/– (૨) ભારતીબેન અનિલકુમાર ભટ્ટ રૂ. ૩૦૫૧/– (૩) ડૉ. મિનાક્ષીબેન ભટ્ટ રૂ. ૨૦૦૦/– (૪) જયશ્રીબેન પંડ્યા રૂ. ૧૦૦૧/– (૫) વર્ષાબેન એ. દવે રૂ. ૧૦૦૧/– (૬) મનિષાબેન એ. દવે રૂ. ૧૦૦૧/– (૭) હંસાબેન એમ. શુક્લ દ્વારા રૂ. ૧૦૦૧/– (૮) સપનાબેન ભટ્ટ રૂ. ૫૦૧/– (૯) હેમાંગીનીબેન જોષી રૂ. ૫૦૦/– (૧૦) ભાવિકાબેન એ. શેલત રૂ. ૫૦૧/– (૧૧) ફાલ્ગુનીબેન એમ. દવે રૂ. ૫૦૦/– (૧૨) રેખાબેન આર. શેલત રૂ. ૫૦૫/– (૧૩) નિશાબેન એન. દવે રૂ. ૫૦૦/– (૧૪) નીલાબેન એચ. ઠાકર રૂ. ૫૦૦/– (૧૫) મયુરીબેન એ. ઠાકર રૂ. ૫૦૦/– (૧૬) હંસાબેન ધ્રુવ રૂ. ૫૦૦/– (૧૭) અન્ય જ્ઞાતિજનો રૂ. ૨૫૧/–

સુરમ્ય સંગીતમય કાર્યક્રમ બાદ લહેજતદાર ભોજનનો સ્વાદ માણ્યો. આ પ્રસંગે ઉપસ્થિત સર્વે સભ્ય બહેનોને માયાબેન કે. દવે તરફથી સંભારણા–ગીફ્ટ સુંદર મોબાઈલ પર્સ સાથે ચાંલ્લાના પેકેટ ભેટ આપી. ઉપપ્રમુખ ગીતાબેન એચ. શુક્લ તથા દક્ષાબેન એસ. પંડ્યા તરફથી સંભારણારૂપે સ્ટીલના ડીઝાઈનર બાઉલની ભેટ આપી.

આ પ્રસંગે દિક્ષિતાબેન ટી. દવે એ સર્વે બહેનો માટે સુંદર સંદેશ આપ્યો. દિવાળીના દીવાનો પ્રકાશ માત્ર દિવામાં નથી. પરંતુ દરેક મહિલામાં પ્રેમ, કરૂણા તથા શક્તિથી એકબીજાને લીફ્ટ કરી સાથે મળી તેજસ્વી બનીએ. સ્નેહમિલનને યાદગાર બનાવવામાં સર્વે કમીટી બહેનો દાતાશ્રીઓ તથા ઉપસ્થિત સભ્ય બહેનો ભાવસાર મ્યુઝીકલ પાર્ટી "પુરાને નગમે" દ્વારા અતિ આનંદ માણ્યો. સર્વે બહેનો સંભારણા ગીફ્ટ મેળવી સહુ ફરી મળવાની ખાત્રી સાથે છુટા પડ્યા

**પાયલબેન પી. દવે** — **પ્રમુખ**
**ગીતાબેન એચ. શુક્લ** — **ઉપપ્રમુખ**
**રીટાબેન એમ. ઢગટ** — **મંત્રી**

**તથા સર્વે સર્વે કારોબારી સભ્યો**

## શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ

બી–૫૦૧, મરીના એન્કલેવ, જનકલ્યાણનગર, મલાડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૯૫
(મો.) ૯૯૨૦૧૮૪૫૮૯

**શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ દ્વારા આયોજિત**
**સંગીત સાંજ – રંગારંગ રસપ્રદ કાર્યક્રમ**

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે, શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ દ્વારા એક સંગીતમય સાંજ કાર્યક્રમ રવિવાર તા. ૩૦–૧૧–૨૦૨૫ના રોજ મેયર હોલ (શનિકાર્જ ભવન), સીડી બરફીવાળી માર્ગ, જુહુ લેન, અંધેરી (પશ્ચિમ), મુંબઈ–૪૦૦૦૫૮ સ્થળ સાંજે ૬.૦૦ થી ૯.૦૦ વાગ્યા સુધી આયોજિત થવાનો છે.

આ કાર્યક્રમમાં રંગમંચ તથા ટેલિવિઝન જગતના ખ્યાતનામ કલાકાર લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ મેળવનાર શ્રીમતી નેહાબેન આચાર્ય તેમજ બુલંદ અવાજના બેતાજ બાદશાહ ડૉ. દીપકભાઈ આચાર્યના ઉદ્‌બોધન અને સંગીતમય કાર્યક્રમની ભવ્ય રજૂઆત થવાની છે.

આ રંગારંગ કાર્યક્રમ આનંદસભર અને રસપ્રદ રહેશે તેવી અમને પૂર્ણ આશા છે. સૌ જ્ઞાતિજનોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહભાગી થવું એમ આપણા સમાજની સૌહાર્દપૂર્ણ અપેક્ષા છે.

**પાસ વિતરણની માહિતી**

હોલની બેઠક ક્ષમતા માત્ર ૭૫ બેઠક હોવાથી સ્થાનો મર્યાદિત છે. તેથી સૌ સભ્યોને વિનંતી છે કે તાત્કાલિક પ્રતિસાદ આપી પાસ મેળવી લેશો.

પાસ ફક્ત રૂ. ૫૦/– (ટોકનરૂપે) ઉપલબ્ધ રહેશે. પાસ વિતરણની શરૂઆત તા. ૧૬–૧૧–૨૦૨૫થી થશે. કાર્યક્રમના અંતે નાસ્તાની સુવિધા રાખવામાં આવી છે.

પાસ માટે સંપર્ક કરો

(૧) શ્રી વિરેન ભટ્ટ (મો.) ૯૯૨૦૧૮૪૫૮૯ (૨) શ્રી ભદ્રેશ ભટ્ટ (મો.) ૯૮૧૯૧૫૭૦૭૯ (જી પેઈ સીસ્ટમ) (૩) શ્રી મુકેશભાઈ શેલત (મો.) ૯૦૦૪૬૬૧૯૮૭ (જી પેઈ સીસ્ટમ)

**વિરેન ભટ્ટ** — **પ્રમુખ**
**ભદ્રેશ ભટ્ટ** — **સચિવ**

## શ્રી તુળજા ભવાની મંદિર ટ્રસ્ટ

શ્રી તુળજામાતા, મોઢવાડા, ઉમરેઠ–૩૮૮૨૨૦. જી આણંદ (ગુજરાત)

વિ.સં. ૨૦૮૨નો નવરાત્રિ મહોત્સવ શ્રી તુળજા માતાના ત્રણે મોહલ્લાના રહીશો તેમજ બહાર ગામથી આવેલ માઈ ભક્તોના સાથ–સહકારથી ઘણો જ સારીરીતે સંપન થયો આ માટે શ્રી તુળજા ભવાની ટ્રસ્ટ સૌનો આભાર માને છે.

ચાલુ સાલે ઉજાણીના પ્રસાદના દાતા તરીકે શ્રી દેવેન્દ્ર એમ. પંડ્યાએ પોતાના તરફથી જરૂરી સહાય કરી હતી.

ઉજાણીના પ્રસંગે માઈભક્તોએ મહાપ્રસાદ જમીને પછી આનંદથી છૂટા પડ્યા હતા.

માતાજીનો હવન વિનયભાઈ દવે તથા પ્રવિણભાઈ દવેએ ધાર્મિક વિધીથી કરાવેલ હતો.

શ્રી તુળજા ભવાની સહુ માઈભક્તોના તેમજ તેમના પરિવારજનોના આરોગ્યનું રક્ષણ કરે તેમજ શ્રી માતાજીની કૃપા તેમની પર વર્ષે તેવી શુભેચ્છા છે.

નવરાત્રિ દરમિયાન શ્રી તુળજા ભવાનીના ચરણોમાં આવેલ ભેટની યાદી નીચે મુજબ છે.

(૧) રાજુભાઈ ડી. દવે, દિલ્હી - રૂ. ૧૦૦૦૦/- (૨) વિહાન - કહાન હસ્તે - હેમંતભાઈ એસ. જોષી, અમદાવાદ રૂ. ૫૧૦૦/- (3) નિલેશ નવીનભાઈ ઠાકર, અમદાવાદ - રૂ. ૫૦૦૧/- (૪) કિરણકુમાર રતિલાલ પંડ્યા, ગાંધીનગર - રૂ. ૫૦૦૦/- (૫) બીપીનભાઈ શુક્લ, વડોદરા રૂ. ૫૦૧૧/- (૬) મુ.શ્રી પદમાબેન એમ. પંડ્યા હસ્તે - જીતુભાઈ પંડ્યા, યુ.એસ.એસ. ઉમરેઠ રૂ. ૪૨૦૦/- (૭) શનતકુમાર હરિહરભાઈ દવે, અમદાવાદ - રૂ. ૩૧૦૦/- (૮) મુ. શ્રી પદમાબેન એમ. પંડ્યા હસ્તે - જીતુભાઈ એમ. પંડ્યા, યુ.એસ.એ., ઉમરેઠ - રૂ. ૫૯૪૦/- (૯) સ્વ. યશવંતભાઈ એમ. દવે હસ્તે - શીશીર એ. દવે, અમદાવાદ રૂ. ૨૫૦૦/- (૧૦) પાર્થ નિરંજન ઠાકર, ઉમરેઠ રૂ. ૧૫૦૦/- (૧૧) દૈવ શીશીર દવે, અમદાવાદ રૂ. ૧૫૦૦/- (૧૨) અખિલભાઈ નરેન્દ્રભાઈ પંડ્યા રૂ. ૨૦૦૦/- (૧3) કિશોરભાઈ પી. ભટ્ટ, વડોદરા રૂ. ૧૦૦૦/- (૧૪) સુરેશભાઈ એ. દવે, અદાવાદ રૂ. ૧૦૦૦/- (૧૫) કુમાર વિનાયક દવે, અમદાવાદ રૂ. ૧૦૦૦/- (૧૬) અનિલકુમાર ત્રિવેદી, ઉમરેઠ રૂ. ૬૦૫/- (૧૭) ચિતરંજનભાઈ ત્રિવેદી, ઉમરેઠ રૂ. ૫૧૧/- (૧૮) અતુલભાઈ આર. દણાક, આણંદ રૂ. ૫૦૦/- (૧૯) હિમાશુભાઈ બી. ઠાકર, આણંદ રૂ. ૫૦૧/- (૨૦) ધારા ભાવેશ ભટ્ટ, પુના રૂ. ૫૦૦/- (૨૧) ડૉ. પ્રિયાંકભાઈ બી. ભટ્ટ, અમદાવાદ રૂ. ૫૦/- (૨૨) હિનાબેન ભાસ્કરભાઈ ભટ્ટ, અમદાવાદ રૂ. ૫૦૦/- (૨3) કિરણભાઈ, આણંદ રૂ. ૫૦૦/- (૨૪) વિજયભાઈ નાનુભાઈ પંડ્યા, અમદાવાદ રૂ. ૫૦૧/- (૨૫) સુરેશચંદ્ર શાંતિલાલ પંડ્યા, વડોદરા રૂ. ૫૦૧/- (૨૬) વસંતીકાબેન સુધીરભાઈ દવે, ઉમરેઠ રૂ. ૫૦૦/- (૨૭) નિધિબેન ઠાકર, ઉમરેઠ રૂ. ૫૦૦/- (૨૮) અંજનાબેન એચ. શેલત, ઉમરેઠ રૂ. ૫૦૦/- (૨૯) રીટાબેન ભરતકુમાર દવે, વડોદરા રૂ. ૫૦૦/- (3૦) ગીરીશચંદ્ર સી. ભટ્ટ, અમદાવાદ રૂ. ૫૦૦/- (3૧) ગાયત્રીબેન ભાવેશભાઈ જોષી, યુ.કે. રૂ. ૫૦૦/- (3૨) હિતેશ નરેન્દ્રભાઈ પંડ્યા, રૂ. ૫૦૦/- (33) વિરૂબેન કનુપ્રસાદ ખંભોળજા, ડાકોર રૂ. ૫૦૧/- (3૪) દિનેશકુમાર અંબાલાલ જોષી, વડોદરા રૂ. ૫૦૧/- (3૫) અખિલ નરેન્દ્રકુમાર પંડ્યા હસ્તે - અરૂણભાઈ સી. પંડ્યા, વડોદરા રૂ. ૫૦૦/- (3૬) અંજનાબેન ડી. પંડ્યા, ઉમરેઠ રૂ. ૫૦૦/- (3૭) હરિ પ્રશાંત એન. ભટ્ટ, આણંદ રૂ. ૫૦૦/- (3૮) ગીતાબેન બકુલભાઈ પંડ્યા, યુ.એસ.એ. રૂ. ૧૧૧૧/-(3૯) અન્ય જ્ઞાતિજનો તરફથી રૂ. ૨૫૧૦/-

**હર્ષદભાઈ દવે**
**ટ્રસ્ટી**

# ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન - ૨૫૪૩૨૦૪૦

**નવરાત્રી મહોત્સવ :**

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ દ્વારા તા. ૨૫-૯-૨૫ના ચોથા નોરતે સંસ્થા તરફથી શ્રી બળવંતરાય ઠાકોર હોલ, કાંકરીયા ખાતે ભવ્યાતીભવ્ય ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના મોટાભાગના જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો અને મા અંબાના ગરબાની રમઝટ માણી હતી. દુર દુર રહેતા જ્ઞાતિજનોએ પણ રાત્રિના ૯.૦૦ કલાકે શ્રી બળવંતરાય હોલ ઉપર હાજર રહી ગરબા માણ્યા હતાં અને ગરબે ઝુમ્યા પણ હતાં. રાત્રિના ૧૦.૩૦ કલાકે ચા-નાસ્તાની શરૂઆત થઈ હતી. જેમાં હાજર સૌ જ્ઞાતિજનોએ ચા-નાસ્તાનો સ્વાદ માણી આનંદવિભોર થયા હતાં અને રાત્રે ૧.૦૦ વાગે ગરબાપૂર્ણ થયા ત્યાં સુધી હાજર રહી ગાનારા સૌ જ્ઞાતિજનોને ઉત્સાહીત કર્યા હતા. રાત્રે ૧.૦૦ કલાકે ઈનામ વિતરણથી શરૂઆત કરવામાં આવી હતી એ તે પ્રોગ્રામ પૂર્ણ થયેલો જાહેર થયો હતો.

**ઈનામ વિતરણ :**

તા. ૨-૧૦-૨૫ ગાંધી જયંતીના દિવસે ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન ડૉ. રમેશભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતાં અને તેઓના હસ્તે બાળકોને વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા હતાં. નર્સરીથી ડોક્ટર થનાર વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા હતાં. ઈનામ વિતરણમાં સૌ જ્ઞાતિજનો, વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**દિવાળી સ્નેહ સંમેલન**

તા. ૧-૧૧-૨૫ના રોજ જ્ઞાતિજનોનું સ્નેહસંમેલન શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળના નેજા નીચે શ્રી પ્રાણશંકરભાઈ હોલમાં મળ્યું હતું. જેમાં સરસ મઝાના કાઠીયાવાડી ભોજનનો સ્વાદ સૌ જ્ઞાતિજનોએ માણ્યો હતો. ભોજનની શરૂઆત સાંજે ૭.૩૦ કલાકે થઈ હતી. તે પહેલા જ્ઞાતિના જ ગાયક કલાકારો તરફથી સાંજે ૫.૦૦ થી ૭.૦૦ના સમય દરમ્યાન મ્યુઝીકલ સંગીતનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોનલબેન ધ્રુવ, પરેશભાઈ દવે, જગદીશભાઈ દવે, રાજેન્દ્રભાઈ ઠાકર, ચિરાગભાઈ પંડ્યા અને તેમની પત્ની તેમજ સંસ્થાના કારોબારી સભ્ય સ્નેહલભાઈ મહેતાએ સુંદર મઝાના ગીતો દ્વારા સમગ્ર જ્ઞાતિજનોને સંગીતમય બનાવી દીધા હતાં. સમગ્ર હોલ સંપૂર્ણ પણે ભરાઈ ગયો હતો. જ્ઞાતિજનોને ઉભા ઉભા સંગીતમય ગીતો સાંભળવું પડયા હતાં. આ કાર્યક્રમમાં નવા ચુંટાયેલા સભ્યોનું બહુમાન કરવામાં આવ્યું હતું તેમજ નવા વરાયેલા ટ્રસ્ટીશ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બિહારની ચુંટણીમાં જવાબદારી સંભાળી રહેલા આપણા એક માત્ર ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટ કાર્યક્રમના દિવસે સીધા એરપોર્ટથી એટલે કે પટણા થી અમદાવાદ ઉતરી સીધા આપણા કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેઓનું પણ પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે અન્ય જ્ઞાતિ મંડળના પ્રમુખ-મંત્રીઓ શ્રી સ્નેહલભાઈ ભટ્ટ પ્રમુખ શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ, શ્રી અવનીબેન ભટ્ટ - પ્રમુખ બાજખેડાવાળ મહિલા સમાજ, શ્રી છાયાબેન

મહેતા મંત્રી – બાજખેડાવાળ મહિલા સમાજ, તૃપ્તિબેન જોષી મંત્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભોજનની શરૂઆત કરવામાં આવી હતી. સૌ જ્ઞાતિજનોએ કાઠીયાવાડી ભોજનનો સ્વાદ માણી એકબીજા જ્ઞાતિજનોને નવા વર્ષ નિમિત્તે મળ્યા હતાં. તેનો આનંદ માણી સૌ વિખુટા પડ્યા ત્યારે રાત્રીના ૧૦.૦૦નો સમય થયો હતો.

**આગામી કાર્યક્રમ – સીનીયર સીટીઝન સન્માન મહોત્સવ**

તા. ૨૬–૧–૨૬ના દિવસે જે જ્ઞાતિજનોને ૬૫ (પાંસઠ) વર્ષ તા. ૩૧–૧૨–૨૦૨૫ના રોજ પુરા થતા હોય કે થઈ ગયા હોય તેવા સીનીયર સીટીઝનોના સન્માન મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

આ અગાઉ ૭૫ વર્ષ પૂરા થયેલ હોય તેઓનું સન્માન કરવામાં આવતુ હતુ. જે અમૃત મહોત્સવના નામે પ્રચલીત હતું હવે તેની જગ્યાએ ૬૫ વર્ષ પૂરા થયા હોય તેવા જ્ઞાતિજનોનું સન્માન કરવાનું સંસ્થાની વર્કીંગ કમિટિએ નક્કી કરેલું છે.

આ સીનીયર સીટીઝન સન્માન મહોત્સવમાં જે જ્ઞાતિજનોને ૬૫ વર્ષ પૂરા થયેલ હોય તેવા જ્ઞાતિજનોએ શ્રી પ્રાણશંકરભાઈ હોલ ઉપરથી ફોર્મ તા. ૧૫–૧૧–૨૫ થી ૩૧–૧૨–૨૫ સુધીમાં મેળવી લેવા તેમ જ તે ફોર્મમાં માગ્યા પ્રમાણેની વિગતો ભરી તા. ૩૧–૧૨–૨૫ સુધીમાં શ્રી પ્રાણશંકરભાઈ હોલના કાર્યાલયમાં જમા કરાવી દેવાના રહેશે.

આ કાર્યક્રમમાં ફક્ત ૭૫ જ્ઞાતિજનોનો પ્રથમ સમાવેશ કરવાનો હોવાથી વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ સંસ્થાના કાર્યાલય શ્રી પ્રાણશંકરભાઈ હોલ ઉપરથી મેળવી ભરીને પરત કરવાના રહેશે. ૭૫ની સંખ્યા પૂર્ણ થયેથી કોઈ ફોર્મ લેવામાં આવશે નહી અને તેવા રહી ગયેલા જ્ઞાતિજનોએ બીજા વર્ષે સમયસર ફોર્મ ભરીને આપવાનું રહેશે. જેથી સૌ જ્ઞાતિજનોએ જેઓને ૬૫ વર્ષ પૂર્ણ થયા હોય તેઓએ સંસ્થાના કાર્યાલયમાંથી ફોર્મ મેળવી પરત આપી દેવા વિનંતી.

**અન્નપૂર્ણા સહાય યોજના**

(૧) રૂ. ૫૦૦/– શ્રી મયુરભાઈ ભટ્ટ (ચવાણા ભેટ) (૨) રૂ. ૫૦૦/– શ્રી રૂપેશભાઈ (ચવાણા ભેટ) (3) રૂ. ૫૦૦/– શ્રી કેતનભાઈ જોષી (ચવાણા ભેટ) (૪) રૂ. ૧૦૦૧/– શ્રી દુષ્યંતભાઈ જે. પંડ્યા (૫) રૂ. ૧૦૦૧/– શ્રી દુષ્યંતભાઈ જે. પંડ્યા

**એજ્યુકેશન સહાય યોજના**

(૧) રૂ. ૧૦૦૦૦/– શ્રી માલતીબેન પ્રફુલચંદ્ર ઠાકર (૨) રૂ. ૧૦૦૦૦/– સ્વ. શ્રી શશાંક મનહરલાલ શેલતના સ્મરણાર્થે હસ્તે શ્રી મનહરલાલ જી. શેલત (3) રૂ. ૫૦૦૧/– શ્રી સનતભાઈ ચંદ્રકાંતભાઈ દવે

**હોલ આધુનિકરણ ભંડોળ**

(૧) રૂ. ૨૫૦૦૦/– સ્વ. દક્ષાબેન નારાયણભાઈ દવેના સ્મરણાર્થે હસ્તે શ્રી મનીષભાઈ નારાયણભાઈ દવે

**કમલેશ જે. ભટ્ટ** — **પ્રમુખ**

**ઉદયભાઈ એચ. ભટ્ટ / સંજયભાઈ ત્રિવેદી** — **મંત્રી**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ–૨૮
(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

### અન્નપૂર્ણા સહાય યોજના

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી જ્ઞાતિના ઉમરેઠ – ડાકોર સ્થિત જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને પહોંચાડવામાં આવે છે. આજના કપરા સમયની અતિશય મોંઘવારીને પહોંચી વળવા માટે અમારી સંસ્થાને જ્ઞાતિના ઉદાર–દાતાશ્રીઓ તરફથી સતત દાન–ફંડ મળતા રહે છે. આ મહિને અમોને નીચે મુજબ દાન મળેલ છે. અમો દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

(૧) શ્રી સ્વ. હરિવદનભાઈ ભાનુપ્રસાદ જોષી તથા શ્રી સ્વ. કુમુદબેન હરીવદન જોષીના સ્મરણાર્થે શ્રી જાનકીબેન તથા શ્રી સુજાનકુમાર તરફથી (ન્યુઝીલેન્ડ) રૂ. ૫૧૦૦૦/– (૨) શ્રી ટીનાબેન વિક્રમકુમાર પંડ્યા રૂ. ૧૧૨૭૫/– (૩) શ્રી પ્રણવભાઈ રાજેન્દ્રભાઈ દવે રૂ. ૩૦૦૦/– (૪) શ્રી ભાવનાબેન શૈલેષભાઈ દ્વિવેદી રૂ. ૫૦૧/–

### વિવિધ હરિફાઈઓ

અમારી સંસ્થા દ્વારા આગામી જાન્યુઆરી માસમાં દર વર્ષની જેમ જ નીચે મુજબની હરીફાઈઓ યોજવામાં આવશે. જે યુવક–યુવતી બાળકો અને મહિલાઓ ભાગ લેવા ઈચ્છતા હોય તેઓ નીચે મુજબના મોબાઈલ નંબર પોતાના નામ લખાવી દેશો. (૧) બાળકો માટે ચિત્રસ્પર્ધા (૨) સંસ્કૃત શ્લોક બોલવા (૩) રંગોળી સ્પર્ધા (૪) મહેંદી (૫) કવીઝ કોન્ટેસ્ટ (૬) વાનગી હરીફાઈ – મીઠાઈ – ફરસાણ ઉપરોક્ત સ્પર્ધા માટે શ્રી તૃપ્તીબેન જોષી (મો.) ૯૮૨૫૦૦૯૮૫૧, શ્રી જલ્પાબેન જોષી (મો.) ૭૩૮૩૯૩૧૭૪૨ પર પોતાના નામ નોંધાવી દેશો.

### પીકનીક

આગામી જાન્યુઆરી માસમાં સંસ્થા તરફથી પીકનીકનું આયોજન કરવામાં આવેલ છે. જે જ્ઞાતિજનોને પીકનીકમાં આવવાની ઈચ્છા હોય તેઓ ઉપરોક્ત તૃપ્તીબેન તથા જલ્પાબેનને મોબાઈલ પર પોતાના નામ નોંધાવી લેશો. પીકનીકનું સ્થળ તથા રૂપીયા આગામી પત્રિકામાં જણાવીશું અથવા અમારા આ બંને પ્રતિનિધી દ્વારા જાણ કરીશું.

### અગીયારસ વ્રત ઉદ્યાપન

તા. ૦૧–૧૨–૨૦૫ને રવિવારના રોજ પુનીત આશ્રમ મણીનગર ખાતે સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ ધાર્મિક વિધિ યોજાશે. ભાગ લેવા ઈચ્છતા ભાઈ–બહેનોએ ઉપર દર્શાવેલ ફોન નંબર પર નામ નોંધાવી દેવા.

સાથે લાવવાની યાદી – પૂજાના વાસણો, તાંબાના કળશ, પ્યાલો–આચમની, દિવી, આસન, નેપકીન, માચીસ, પાંચફળો, પાંચ દીવેટો ગુરૂદેવને આપવાનું વસ્ત્ર – રોકડ રકમ, પુજાપો ફુલપાન હાર ફરાળ સંસ્થા તરફથી અપાશે

**દર્શનાબેન ભટ્ટ** — **પ્રમુખશ્રી**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** — **મંત્રીશ્રી**

## શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ – ભરૂચ

### સ્નેહ લઈને સ્નેહ સાથે મળવાનો દિવસ એટલે સ્નેહમિલન સમારોહ

તા. ૦૯–૧૧–૨૦૨૫ રવિવારના રોજ એક સુંદર કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. જેમાં સમાજના અગ્રણીઓ થકી દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વર્ષ દરમિયાન મૃત્યુ પામેલા જ્ઞાતિજનોની યાદમાં ૨ મિનીટનું મૌન પાળવામાં આવ્યું. ઈનામ વિતરણમાં બાળકોને ઈનામની સાથે મો મીઠું કરાવતા ચોકલેટનું સેલિબ્રેશન પેક પણ આપવામાં આવ્યું. જેનાથી બાળકો પણ ખૂબ આનંદિત થયા સાથે તરંગ મ્યુઝિકલ ગ્રુપ દ્વારા ગીત–સંગીતની મજા માણવામાં આવી હતી. આ સંગીતને સ્વરો સાથે લહેરાવવા માટે આપણા જ જ્ઞાતિના યુવા કલાકાર આત્મન દિપેન ભટ્ટ અને તેના ગ્રુપ દ્વારા ૨ કલાકનો સંગીતનો ખૂબ સુંદર કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો.

આ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. શબ્દોનું સંચાલન દિપ્તીબેન ભટ્ટએ કર્યું હતું. કાર્યક્રમના અંતે પ્રીતિ ભોજન સાથે લઈ કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં શ્રી બાબારાવ દણાક તરફતી રૂ. ૨૦૦૦૦/– ભોજન ખર્ચ નિમિત્તે દાન આપવામાં આવ્યા તેમજ શ્રી નિલેશભાઈ નરેન્દ્રપ્રસાદ દેસાઈ રૂ. ૫૦૦૧/–, શ્રી રાજેન્દ્ર હરિપ્રસાદ દેસાઈ રૂ. ૨૧૦૦/–, શ્રી દીપેનભાઈ ભટ્ટ રૂ. ૨૦૦૦/–, શ્રી પરેશભાઈ બંકિમચંદ્ર ભટ્ટ રૂ. ૧૧૧૧/–, શ્રી ભરતભાઈ શુકલ રૂ. ૧૧૦૦/–, શ્રી પ્રદીપભાઈ એમ. શેલત રૂ. ૧૦૦૧/–, શ્રી ફાલ્ગુનીબેન રાજેન્દ્રકુમાર ભટ્ટ રૂ. ૧૦૦૦/–, શ્રી રાજેશકુમાર એમ. દવે રૂ. ૧૦૦૦/–, શ્રી કૃણાલકુમાર નરેન્દ્રકુમાર ભટ્ટ રૂ. ૧૦૦૦/–, શ્રી પ્રજ્ઞાબેન યોગેશકુમાર ભટ્ટ હસ્તે જલ્પા ભટ્ટ રૂ. ૧૦૦૦/–, શ્રી જગદીશચંદ્ર હર્ષદરાય ધ્રુવ રૂ. ૧૦૦૨/–, શ્રી આરતીબેન શેલત રૂ. ૫૦૧/–, શ્રી જાગૃતિબેન દવે રૂ. ૫૦૧/–, શ્રી હેમલ જી. દવે રૂ. ૫૦૧/–, શ્રી દિલીપભાઈ બી. જોશી રૂ. ૫૦૧/–, શ્રી નિતીનભાઈ ભટ્ટ રૂ. ૫૦૧/–, શ્રી હીનાબેન ઠાકર રૂ. ૫૦૦/–, શ્રી હિતેશકુમાર એમ. શુકલ રૂ. ૫૦૦/–, શ્રી ભદ્રેશભાઈ શેલત રૂ. ૫૦૦/–, શ્રી નિતેશભાઈ ભટ્ટ રૂ. ૫૦૦/–, શ્રી ગીરીશભાઈ દેસાઈ રૂ. ૫૦૦/–, શ્રી કલ્પેશભાઈ ભટ્ટ રૂ. ૫૦૦/–, શ્રી કોકીલાબેન બીપીનચંદ્ર દવે રૂ. ૫૦૦/–, શ્રી આનંદભાઈ શુકલ રૂ. ૫૦૦/–, શ્રી જીતેન્દ્રભાઈ દણાક રૂ. ૫૦૦/–

આ તમામ દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર આવનારા તમામ જ્ઞાતિજનો તથા કમિટી સભ્યોનો આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ હૃદયપૂર્વક આભાર માનીએ છે.

**માનદ્ મંત્રી – રાકેશ દણાક**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન, ૧-૨, રામેશ્વર ફ્લેટ,
બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮ મો. : ૭૫૭૩૯૭૮૪૭૭

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, વર્ષોપર્યંતથી જ્ઞાતિ સમાજની વિધવા ત્યક્તા બહેનોને સન્માનથી જીવી શકે તે માટે વિશિષ્ટ સહાય ફંડ ભેગું કરી તેના વ્યાજમાંથી રકમો આપી ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે. હાલ આપણે પ્રતિ માસ રૂ. ૨૫૦૦/- એટલે કે વાર્ષિક રૂ. ૩૦૦૦૦/- લેખે એક બહેનને મદદ કરીએ છીએ કુલ ૪૧ બહેનોને રૂ. ૧૨૩૦૦૦૦/- વાર્ષિક આપણે ચૂકવીએ છીએ આ રકમ નાની નથી. પરંતુ વર્ષોપર્યંત જે-તે વખતના પ્રમુખ તથા તેઓશ્રીની ટીમે સહીયારા પ્રયત્નોથી રકમ ભેગી કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. ૨૦૦૪ થી સમાજને નાણા કેવી રીતે વધુ ભેગા થાય તેવા પ્રયત્નો જે-તે વખતના પ્રમુખ શ્રી કિરીટભાઈ દવે દ્વારા કરવામાં આવ્યા અને ખેડબ્રહ્મા ખાતે અધિવેશન યોજાયું. અંદાજિત રૂ. ૧,૭૮,૦૦૦/- જેવા માતબર રકમ સંસ્થા દ્વારા વધી. ત્યારબાદ આ વણથંભી વણઝાર ૩૬માં અધિવેશન સુધી પહોંચી છે. કિરીટભાઈ દવેના પ્રયત્નોથી આપણે આ જગ્યાએ પહોંચ્યા છીએ. પરંતુ મોર જેમ પીંછાથી રળીયામણો હોય તેમ દરેક અધિવેશનોમાં જે-તે વખતના પ્રમુખશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ દ્વારા પ્રયક્ષ અથવા પરોક્ષ રીતે આ ફંડ લાવવામાં મદદરૂપ થયેલ છે. જેને કારણે સંસ્થા એક વટવૃક્ષ બની છે અને વર્ષોપર્યંત જ્ઞાતિસમાજની વિધવા – ત્યક્તા બહેનોની વિશિષ્ટ સહાય ફંડમાં પણ ઉત્તરોતર વધારો થઈ રહેલો છે. આવા સંજોગોમાં આપણે આ લોકોનો ઋણ ચૂકવી શકાય તેવું નથી. સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખોમાં સ્વ. હરિવદનભાઈ ત્રિવેદી, સ્વ. શૈલેન્દ્રભાઈ દવે, ઘનશ્યામપ્રસાદ શેલત, અશ્વિનભાઈ દવે, જગદીશભાઈ દવે, અનિલભાઈ ઠાકર, બળવંતરાય દવે, કમલેશભાઈ ભટ્ટ, રાજેશભાઈ દવે, ભૂપેન્દ્રભાઈ ખંભોળજા, અજીતભાઈ દવે આ લોકોનો સિંહફાળો રહેલો છે. જેમાના અશ્વિનભાઈ દવે, જગદીશભાઈ દવે, ભૂપેન્દ્રભાઈ ખંભોળજા જેવા મહાનુભાવો આજની તારીખમાં વયમર્યાદા હોવા છતાં ખભેખભા મિલાવી કામ કરી રહ્યા છે. આ સિવાયના કારોબારીના સભ્યોની માહિતી વિગત વાર પાછળ આપેલ છે. તેઓ પણ અત્યારે સંસ્થાને અવિરત પણે સેવાઓ આપી રહેલા છે. અગત્યની વાત એવી છે કે ભૂતકાળમાં ખૂબ જ ટાચા સાધનો જેવા કે ટાઈપીંગ મશીન, પત્ર વ્યવહાર, વાહન વ્યવહાર, ઈન્ટરનેટ જેવી સેવાઓ ન હોવા છતાંય સંસ્થાની શરૂઆતથી આજ દિન સુધી મને જણાવતા આનંદ થાય છે કે, ગામેગામ ભરાતી મિટીંગોમાં, વાર્ષિક સાધારણ સભાઓમાં, અધિવેશનોમાં અવિરત પણે સૌ કાર્યકર્તાઓ સ્વખર્ચે હાજરી આપે છે. હિતવર્ધક સભાના ઈતિહાસમાં ક્યાંય કોઈ જગ્યાએ આવો ખર્ચો આજદિન સુધી નાખવામાં આવેલ નથી તે જ્ઞાતિ સમાજ માટે અને સંસ્થા માટે ગૌરવની વાત છે. આ બધા કર્મઠ સેવકોનો હું નતમસ્તક નમન કરું છું અને હું અંગત રીતે માનુ છું કે આ બધા કાર્યકરો તો ખરા જ પણ સાથે સાથે જ્ઞાતિસમાજના ભામાશાઓની મદદથી આ કાર્ય સંપન્ન બનેલ છે અને ટૂંક સમયમાં વિશિષ્ટ સહાય ફંડમાં પણ વધારે કરવાના (બહેનો માટે) પ્રયત્નો ચાલુ રહેશે.

ચાલુ સાલે અંબાજી મુકામે જયારે અધિવેશન યોજવાનું મંત્રીશ્રી સમીરભાઈ દવે અને કોર્ડીનેટરશ્રી પ્રણવભાઈ જોષી જોડે ચર્ચા વિચારણા ચાલતી હતી ત્યારે અમોને આર્થિક રીતે કોઈ તકલીફ નહોતી પરંતુ સંખ્યાની દૃષ્ટિએ ખૂબ જ તકલીફ પડશે તેમ હતું પરંતુ જ્ઞાતિસમાજના વિવિધ ગામોના પ્રમુખો દ્વારા પોઝીટીવ એપ્રોચ લઈ માત્ર રૂ. ૧૦૦/–માં અધિવેશન સ્થળ સુધી પહોંચવાની વ્યવસ્થાઓ ગોઠવાઈ. (૧) શ્રી શૈલેષભાઈ જોષી અમદાવાદથી – ૧૨૦ (૨) શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ (શ્રી ભોપીબેન ભટ્ટ) – ૧૮૦ (૩) શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, વિદ્યાનગર – ૧૨૦ (૪) શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ – ૬૦ (૫) શ્રી પ્રણવકુમાર જોષી, નડિયાદ – ૧૨૦ (૬) શ્રી બાજખેડાવાળ સમાજ, વસો – ૬૦ (૭) મહેમદાવાદ – ૧૦ (૮) સોજીત્રા – ૧૦ (૯) શતચંડી યજ્ઞ – ૭૦ (૧૦) ડાયરેક્ટ આવવાવાળા, આણંદ – ૬૦ (૧૧) ડાયરેક્ટ આવવાવાળા, અમદાવાદ – ૨૦ (૧૨) ચિથરી રાજસ્થાન (હર્ષદભાઈ) – ૪૦ આમ કુલ મળી ૮૭૦ ડેલીકેટ્સનું રજીસ્ટ્રેશન થયેલ છે તથા મહેમાનોની સંખ્યા મળી ૧૦૫૦ની આજુબાજુની સંખ્યા થઈ ગયેલ છે. જે અત્યાર સુધીના ઈતિહાસમાં "ન ભૂતો ના ભવિષ્યતિ" થઈને રહેશે.

મારી સાથે વર્ષોપર્યંત કામ કરનાર સૌ સભ્યોનો પરિચય મુકવાનો અને તેઓનું ઋણ અદા કરવાનો એક નમ્ર પ્રયાસના ભાગરૂપે આ વખતની પત્રિકામાં બધાના ફોટાને બાયોડેટા છાપેલ છે. અગાઉ પણ આવો વિચાર આવેલો પરંતુ આપણે પત્રિકા છાપતા હોવાથી પ્રત્યેક પેજ રૂ. ૮૦૦/–નું પડતું હતું જેથી સંસ્થા રૂ. ૩૨૦૦૦/–નો ખર્ચો થાય એટલે હિંમત કરી નહોતી. પરંતુ હવે ડિઝીટલ થવાથી આપણે આ શક્ય બન્યું છે.

ખૂબ જ અગત્યની વાત – દુબઈ સ્થિત દેવાંગભાઈ દવે દ્વારા વર્ષ ૨૦૨૩ સુધી અંદાજીત રૂ. ૩૦ થી ૩૨ લાખની મદદ સંસ્થાને વિશિષ્ટ સહાય ફંડમાં મળેલ છે. તેઓશ્રીએ અમોને જણાવેલ કે જ્યાં સુધી આ વિશિષ્ટ સહાય માસિક રૂ. ૨૦૦૦/– નહીં પહોંચે ત્યાં સુધી દર વર્ષે હું રકમ આપીશ આ તબક્કે તેઓશ્રીનો, તેમના માતા–પિતાશ્રીનો તથા કુટુંબીજનોનો અને આ રકમ પહોંચડનારમાં મધ્યસ્થી થનાર હેમતંભાઈ ગાંધીનગર દ્વારા સહકાર મળેલ છે.

આ સિવાય સંસ્થાના ઈતિહાસમાં અત્યાર સુધીના તમામ નામી અનામી, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંસ્થાને મદદ કરનાર સૌ જ્ઞાતિજનોનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આભાર સહ.....

| | | |
|---|---|---|
| **કિરીટકુમાર એમ. દવે** | **પ્રણવભાઈ જોષી** | **સમીરભાઈ દવે** |
| **પ્રમુખ** | **ઉપપ્રમુખ** | **મંત્રી** |

**સર્વે ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ



### શ્રી શૈલેષભાઈ નટવરલાલ જોષી

"નટુકાકા"ના હુલામણા નામે ઓળખતા સ્વ. નટવરલાલ સોમેશ્વર જોષી અને સ્વ. જયાબેન નટવરલાલ જોષીના સુપુત્ર શ્રી શૈલેષ જોષી ગુજરાત રાજ્ય વન વિભાગમાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવી હાલ વ્યવસાયિક નિવૃત્તિ લઈ બીજી અનેક પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ સાથે સંકળાઈ પોતાના માતા–પિતાશ્રીના પગલે અનેક સામાજિક સેવાઓ આપી રહ્યાં છે. તેઓ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટી છે. તેમજ શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ, અમદાવાદના ટ્રસ્ટી છે. છેલ્લા ૩૧ વર્ષથી તેઓએ જ્ઞાતિમાં અનેક જાહેર કાર્યક્રમોમાં ભાગ લઈ શક્ય એટલા મદદરૂપ થવાના પ્રયત્નો કર્યા છે. તેમના પત્ની વર્ષાબેન પણ આવા જ ઉત્સાહી, મૃદુભાષી અને પરગજુ સ્વભાવના છે. તે પોતે પણ સ્વતંત્ર રીતે ઘણી બધી સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. સ્વ. નટવરલાલ જોષી પરિવાર ટ્રસ્ટની સખાવતી પ્રવૃત્તિઓમાં પણ વર્ષાબેન અગ્રેસર રહે છે. તેમના ત્રણ પુત્રો પૈકી પુત્ર વરૂણ ફિલિપિન્સ ખાતે યુ.એસ. કંપનીમાં સીનીયર પોસ્ટ ઉપર ફરજ બજાવે છે. બીજા પુત્ર પ્રિયંકે તાજેતરમાં જ ઈન્ડીયન ઈસ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (આઈ.આઈ.ટી.) દિલ્હીમાંથી પી.એચ.ડી. પૂર્ણ કરેલ છે જે કુટંબ અને જ્ઞાતિ માટે ખૂબ જ ગૌરવની વાત છે. હાલમાં પ્રિયંક આઈ.આઈ.ટી. મુંબઈમાં સાયન્ટીસ્ટ તરીકે રિસર્ચ પ્રોગ્રામમાં ફરજ બજાવી રહેલ છે. નાનો પુત્ર મહર્ષિ મેડીકલ સ્ટોરમાં પાર્ટનરશીપ સાથે સંગીતમાં વિશેષ રૂચિ ધરાવે છે અને પ્રોફેશનલ પરફોર્મન્સ આપી પોતાની કારકિર્દી આગળ વધારી રહેલ છે.

આ સમગ્ર કુટુંબ જ્ઞાતિ માટે પોતાની ફરજ સમજી અતિ વ્યસ્તતામાંથી પણ સમય કાઢી મદદરૂપ થઈ એક દ્દષ્ટાંત પુરૂ પાડે છે. આ કુટુંબની સેવાકીય પ્રવૃત્તિઓથી પ્રોત્સાહિત થઈ જ્ઞાતિજનો પણ પ્રેરણા મેળવે અને જ્ઞાતિને મદદરૂપ થાય તેવી આશા છે.

શ્રી શૈલેષભાઈ દ્વારા છેલ્લા ૧૬ અધિવેશનશ્રી રૂ. ૩૧૦૦૦/– કે થી વધુ રકમનું ભોજન માટેનું દાન મળી રહેલ છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ



### શ્રી જગદીશભાઈ પ્રાણશંકર દવે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ દ્વારા અંબાજી મુકામે યેવલા બીડીવાલા ખાતે આયોજીત ૩૬મું રાષ્ટ્રીય અધિવેશનમાં તા. ૨૮–૧૨–૨૦૨૫ના રવિવારના રોજ ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન યોજાઈ રહેલ છે. આ તબક્કે શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના ઉપપ્રમુખ તરીકે આપ સૌને આવકારતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ઈતિહાસનો હું છેલ્લા ૫૩ વર્ષથી સાક્ષી છું ખૂબ જ નાની પ્રવૃત્તિઓથી શરૂ કરેલ સંસ્થા આજે એક ખૂબ જ વિશાળ વટવૃક્ષ બની છે જેમાં શંકાને સ્થાન નથી. અગાઉ અધિવેશનો યોજાતા હતા જેમાં નિયમિતતા નહોતી પરંતુ યુવાન અને બાહોશ પ્રમુખશ્રી કિરીટકુમાર દવેની ૨૦૦૪ની સાલમાં પ્રમુખ તરીકે નિમણૂંક થતાં અધિવેશનની વણથંભી વણઝાર નિયમિત રીતે ચાલુ છે.

અધિવેશનો, મેળાવડાઓ, મેરેજ કોન્ફરન્સો, સમૂહ જનોઈ, નવચંડી યજ્ઞ, વડીલોનું સન્માન સમારંભ, લઘુરૂદ્ર, શરદોત્સવ, નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ જેવા કાર્યક્રમો ગામે ગામના મંડળો દ્વારા યોજાય છે. જ્ઞાતિ સમાજના જ્ઞાતિજનો એકબીજાથી નજીક આવે અને વધુ સારી રીતે જ્ઞાતિને આગળ વધારવામાં મદદરૂપ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

આ પ્રસંગેશ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ તથા અધિવેશનને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે નામી–અનામી સૌ દાતાઓ, ઉદ્‌ઘાટકશ્રીઓ, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથી વિશેષશ્રીઓને આવકારતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

સૌને મારા જય માતાજી.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ



### શ્રી અશ્વિનભાઈ દવે

ખેડાવાળ મહોલ્લો, વસો, તા. વસો, જી. ખેડા–૩૮૭૩૮૦. (મો.) ૯૯૯૮૦૦૫૨૯૯

જન્મ તારીખ ૧૨–૦૮–૧૯૫૨ શ્રાવણ વદ–૮ના રોજ સ્વ. શ્રી ચતુરભાઈ મગનલાલ દવેને ત્યાં માતા સ્વ. શ્રી શાંતાબેનની કુખે ગામ ખેડા ખાતે મોસાળમાં થયો. બાળપણ વસોમાં વિતાવ્યું. ધો. ૧ થી ૮ સુધીનો અભ્યાસ મદ્રાસ ખાતે સરકારી સ્કુલમાં લીધો. ત્યારબાદ મદ્રાસને રામ રામ કરી માદરે વતન વસો આવી. ધો.૫થી ઓલ્ડ એસ.એસ.સી.નો અભ્યાસ માદરે વતનમાં કર્યો.

પિતાના પાંચ સંતાનો પૈકી (૧) અશ્વિનભાઈ (૨) જ્યોત્સનાબેન (૩) અશોકભાઈ દવે (૪) કુ. ઉષાબેન (૫) કુ. નયનાબેન હતાં. વીધિના લેખ મુજબ ગામ નડીયાદના શ્રી આશારામ મગનલાલ જોષીની સુપુત્રી ઉર્મિલાબેન સાથે તા. ૧૨–૦૫–૧૯૭૧માં લગ્ન થયા. જે આજદિન સુખી દાંપત્યજીવન વહન કરે છે.

કાળક્રમે પાંચ સંતાનનો જન્મ (૧) દિપીકાબેન જે. ઉમરેઠના મૂળ ત્યારે પાલેજ રહેતા શ્રી દિપકુમાર સાથે લગ્ન થયાં (૨) નીતાબેન જે. જેતલપુર નિવાસી મુ. શ્રી પોપટલાલ પરભુરામ ત્રિવેદીના સુપુત્રશ્રી પંકજકુમાર સાથે લગ્ન થયા. (૩) મીનાબેન જે મૂળ ઉમરેઠ હાલ અમદાવાદ નિવાસી શ્રી વાસુદેવભાઈ સુરજરામ શેલતના સુપુત્રશ્રી કેયુરકુમાર સાથે લગ્ન થયા (૪) શ્રી હિતેષભાઈ જે મૂળ ભરૂચ નીવાસી રજનીકાંત કનૈયાલાલ શુકલની સુપુત્રી કુ. ક્રિષ્નાબેન સાથે લગ્ન થયા. (૫) શ્રી રાજેષભાઈ જે મુળ અમદાવાદના ભગવતપ્રસાદ મનુપ્રસાદની સુપુત્રી કુ. રીનાબેન સાથે લગ્ન થયા. જે પૈકી હિતેષભાઈ કોરાના કાળમાં કોરોનાની બીમારીમાં પ્રભુશરણ તા. ૨૨–૪–૨૦૨૨માં કરમસદ હોસ્પીટલમાં થયા.

અશ્વિનભાઈને મોટી ખોટ પડી બાળપણ મદ્રાસમાં યુવાની વસોમાં પ્રૌઢાવસ્થા પણ વસોમાં થઈ. ૧૯૭૦થી શ્રી બાજખેડાવાળ યુવક મંડળના કામો કરતા ત્યારબાદ મંડળને જરૂર પડતાં. શ્રી પ્રવિણભાઈ દવે, શ્રી ગીરીશભાઈ દવે, શ્રી અશ્વિનભાઈ દવેને કારોબારીમાં નિમણૂંક કરી મંડળમાં નાની ઉંમરે જરૂરીયાત મુજબના ફેરફાર કરાવ્યા.

જ્ઞાતિ મંડળ જ્ઞાતિના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરતા. શીવણ કાર્ય માટે યુવતીઓને કાપડ આર્થિક ફીની મદદ કરતા. નોટો–ચોપડીઓ આપતા. દિકરીઓને ગૌરીવ્રત નિમિત્તે ખાવુ લાવવા મદદ કરતા. જ્ઞાતિની આર્થિક જરૂરીયાતવાળી વિધવા બેનો મદદ કરતા મુગા–બહેરો–બોબડા–અપંગ વિદ્યાર્થી – વિદ્યાર્થીઓને મદદ કરતા મંડળના પ્રસંગોપાત વપરાતાં વાસણો જરૂરીયાત પુરતા વસાવી. ટ્રસ્ટ ફંડો સ્વીકારવા શરૂ કર્યા.

તા. ૧૩–૦૯–૨૦૦૮માં મંડળના પ્રમુખ શ્રી હરિપ્રસાદભાઈ દવેનું વૃદ્ધાવસ્થાની બીમારીથી અવસાન થતાં તેમની શ્રદ્ધાંજલી સભામાં સમગ્ર જ્ઞાતિ સમાજે – કારોબારી સભ્યોએ પ્રમુખ બનાવ્યા જે આજ દિન સુધી સતત ચાલુ છે. સરકારી કાયદાને અનુરૂપ થવા નવા નામથી શ્રી વસો બાજખેડાવાળ મંડળ રચી ધીમે ધીમે જુની પાવતીઓ નવા મંડળમાં ફેરવી મંડળને રજીસ્ટર કરાવ્યું. જેના હિસાબનું ઓડીટ મુ. શ્રી મીહીરભાઈ મહેતા કરતા જરૂરીયાત સમયે યોગ્ય સલાહ આપતા.

અમદાવાદ દુર પડતાં કાર્યકરોએ ઓડીટનું કામ નડીયાદ વી. સી. શાહ સાહેબને બે વર્ષ અગાઉ આપ્યું. કાળક્રમે મંડળના સભ્યોનો દેહ વિલય થતાં. નવા સભ્યોમાં યુવાનો આવ્યા. બળેવ–શીવરાત્રીની મહાપૂજા બાદ બીજા દિવસે જમણવાર કરે છે. બળેવમાં સમુહ યજ્ઞોપવિત બદલી ભોજન–સમારંભ થાય છે. સમાજ તરફથી મદદ મળે છે. કામ સારી રીતે ચાલે છે.

મંડળની પ્રગતિ સાથે મુ. શ્રી જગદીશભાઈ દવે–મહેમદાવાદ, શ્રી કિરીટભાઈ દવે–આણંદ, શ્રી અનિલભાઈ ઠાકર–અમદાવાદ, શ્રી કમલેશભાઈ ભટ્ટ–અમદાવાદ, શ્રી હરિવદનભાઈ ત્રિવેદી–અમદાવાદ, શ્રી મુકેશભાઈ ભટ્ટ – અમદાવાદ, શ્રી અનિલભાઈ પંડ્યા–નડીયાદ, શ્રી મહાવીર ભાઈ દેસાઈ – મહુધા, શ્રી નિરંજનભાઈ પંડ્યા – અમદાવાદ સાથે રહી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. અમદાવાદ, શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી – આણંદ સાથે રહી. કારોબારીના સભ્ય મંડળ સહમંત્રી – ઉપપ્રમુખ – પ્રમુખ તરીકે સેવાઓ આપેલ છે.

વસો ગામે ૨૫મું રાષ્ટ્રીય અધિવેશન પણ જ્ઞાતિ સમાજના સાથ સહકારથી મુ.શ્રી કિરીટભાઈ મંગુપ્રસાદ દવેના અથાગ પ્રયત્નોથી સુખ–શાંતિપૂર્વક એક ૬૦ ઘરની વસ્તીવાળા ગામે યોજ્યુ.

બાજખેડાવાળ પત્રિકાનું સંચાલન બે વર્ષ કર્યું. મંડળના અધિવેશનમાં હાજરી આપવી મદદ કરવી એ મુદ્રાલેખ હતો. ઉંમર થતાં થોડી ઉણપ આવી છે. પણ હજી જોમ તેનું તેજ છે. મારો સમાજ – મારી જ્ઞાતિ એજ રહ્યા. દરેક મંડળમાં સભ્ય સહમંત્રી મંડળ ઉપપ્રમુખ પ્રમુખ તરીકે સેવા આપી. ગાયત્રીમંડળ જેવા ધાર્મિક પ્રવૃતિ સમગ્ર બ્રાહ્મણોના મંડળમાં ૩૦ વર્ષથી મંત્રી પદે સેવા કરીએ છીએ. પ્રભુ–પરમાત્મા કામ કરવાની શક્તિ આપે એજ ભાવના.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ



### શ્રી ભૂપેન્દ્ર મણીલાલ ખંભોળજા – એડવોકેટ

જન્મ – ઉમરેઠ તા. ૨૭–૦૧–૧૯૪૯, વતન ડાકોર

અભ્યાસ – બી.એ., એલ.એલ.બી. – ૧૯૭૪માં ડાકોર – ઠાસરા નડીયાદ – વકીલાત કરી તે દરમ્યાન ડાકોરમાં યુવક મંડળની ૧૯૭૫માં સ્થાપના કરી. ૧૯૮૦થી અમદાવાદમાં સ્થાયી થયા અને અમદાવાદની મેટ્રોપોલીટન કોર્ટ તથા સીટી સીવીલ કોર્ટ ભદ્રમાં વકીલાત શરૂ કરી.

વકીલ મંડળની ચૂંટણીમાં ૧૯૯૩માં કારોબારી સભ્ય તરીકે ચૂંટાયા. તેમણે વકીલાતના ૫૦ વર્ષ પૂર્ણ કર્યા તે બદલ સુપ્રિમ કોર્ટના જજશ્રી જે. બી. પારડીવાળાના હસ્તે ભૂપેન્દ્રભાઈનું સન્માન થયેલું.

૧૯૯૨થી શ્રી પ્રાણશંકરભાઈ હોલમાં સેવા કાજે જોડાવા શ્રી હરિવદન ભટ્ટ અને શ્રી નિરંજનભાઈ પંડ્યા સાથે મુલાકાત કરતાં સેવા માટે તેમની વાત સ્વીકારી અને સમાજ સેવા શરૂ કરી. ત્યારપછી સંસ્થાની ચૂંટણીમાં ઉમેદવારી કરી કારોબારી સભ્ય તરીકે ચૂંટાયા પછી ઉત્તરોત્તર આ પ્રક્રિયા ચાલુ જ રહી. પછી બધી જ ચૂંટણીઓમાં સૌથી વધુ વોટ મેળવી વીજયી થયા છે.

વસ્તીપત્રક ૧૯૯૭માં તૈયાર કરવામાં ઓઢવ, નરોડા, મેઘાણીનગર, નારણપુરા, થલતેજ, વસ્ત્રાપુર, સેટેલાઈટ, જીવરાજ પાર્ક, એલિસબ્રીજ વિગેરે વિસ્તારોમાં કામગીરી કરી હતી.

તેમની પાયાની કામગીરીમાં બંધારણ તૈયાર કરવામાં આપણા ગુજરાત રાજ્યના એડવોકેટ જનરલ શ્રી કમલભાઈ ત્રિવેદીની ઓફિસે શ્રી સ્વ. ભગવતપ્રસાદ ભટ્ટ તથા શ્રી કમલેશભાઈની સાથે દરરોજ રાત્રે ૯.૦૦ થી ૯.૩૦ વાગ્યા સુધી બંધારણ તૈયાર થયું ત્યાં સુધી સતત જતા અને તે કામ પૂરૂ કર્યા પછી બે વખત સામાન્ય સભામાં પસાર કર્યા બાદ – ચૂંટણી સુધારા માટે સ્વ. શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈની આગેવાનીમાં કમિટિ નિમી ચૂંટણીલક્ષી સુધારા કરી તેને સામાન્ય સભામાં મંજૂર કર્યા.

આ સુધારો સાથે બંધારણમાં ફેરફાર કર્યો તે અમદાવાદના મે. ચેરીટી કમિશ્નરને ત્યાં

અરજી કરી મંજુરી કરાવી. બીજુ કામ "સંપર્ક", "બાજદીપ", "બાજગાથા" દ્વીમાસીક મેગેઝીન પબ્લીક થતું હતું. તેનું દિલ્હીથી રજીસ્ટ્રેશન મેળવવા માટે અરજી કરી. રજીસ્ટ્રેશન કરાવ્યું અને પ્રકાશિત કરવા દીલ્હીની ઓફીસે જણાવેલુ અને તે મુજબ આપણે "બાજગાથા" નામથી દ્વિમાસીક મેગેઝીન શ્રી પ્રાણશંકરભાઈ હોલથી પ્રકાશિત કરવામાં આવ્યું.

આ સંસ્થામાં ભૂપેન્દ્રભાઈએ કારોબારી સભ્ય તરીકે તથા મંત્રી તરીકે લાંબા વખત સેવાઓ આપી છે. તે પછીથી ઉપપ્રમુખ તરીકે અને પ્રમુખ તરીકે સેવાઓ આપી છે. તેમના પ્રમુખપદ હેઠળ ૨૦૧૫માં સ્વ. શ્રી સુધાકરભાઈ ભટ્ટ (હોલના દાતા)નું સન્માન ટાગોર હોલ, પાલડી ખાતે રાખ્યું હતું. ત્યારે જ્ઞાતિ સંમેલનનો કાર્યક્રમ આયોજીત કર્યો હતો. ત્યારબાદ પ્રમુખની મુદત પૂર્ણ થતાં તેઓએ હોલના ટ્રસ્ટી તરીકે ચાર વર્ષ સેવાઓ આપી હતી.

હોલમાં પહેલેથી જ નિયમીત આવવાનું અને નાનું મોટું જે કાર્ય હોય તે કરવું તે રોજની આદત પડી ગઈ હોય તેવું લાગતું – સાંજે ચાર થી સાતમાં હોલમાં હાજરી આપતા. નોટબુક ચોપડાના વિતરણમાં પંદર દિવસ નિયમીત આવી વિતરણની કામગીરીમાં સેવા આપતા.

આ સંસ્થામાં સેવાનો ૧૯૯૨થી તેમનો સેવાનો લાંબો ઈતિહાસ છે. ઈશ્વરે આપેલ શક્તિનો જ્ઞાતિની સેવા કાજે સદ્ઉપયોગ કર્યો છે.

જ્ઞાતિની બીજી સંસ્થાઓ જેવી કે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. માં મંત્રી તથા પ્રમુખ તરીકે સેવાઓ આપી છે. શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજમાં મંત્રી તથા ઉપપ્રમુખ અને સલાહકાર તરીકે સેવાઓ આપી છે. શ્રી બાજખેડાવાળ મહિલા મંડળમાં પણ તેમના પત્ની કલ્પનાબેન પ્રમુખ અને ટ્રસ્ટી તરીકે હોદ્દો ધરાવતા હોવાથી ડોનેશન લાવી આપવામાં ભૂપેન્દ્રભાઈ સેવાઓ આપે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ



### શ્રી અમુલ બળવંતરાય ભટ્ટ

| | | |
|---|---|---|
| નામ | : | શ્રી અમુલ બળવંતરાય ભટ્ટ |
| જન્મતારીખ | : | ૦૭–૦૫–૧૯૫૯ |
| જાતિ | : | હિન્દુ (બ્રાહ્મણ) |
| મૂળવતન | : | ઉમરેઠ, જિલ્લો–ખેડા, ગુજરાત રાજ્ય |
| સરનામું | : | ૩–એ, શ્રી લીલા સોસાયટી, જુના રેલ્વે ક્રોસિંગ પાસે, મણિનગર, અમદાવાદ–૩૮૦૦૦૮, ગુજરાત |
| મોબાઈલ | : | ૯૮૨૫૦૧૩૧૨૬ |
| ઈમેલ આઈડી | : | amulbhattbjp@gmail.com |
| શિક્ષણ | : | M.Sc. (ઔદ્યોગિક વિશ્લેષણાત્મક રસાયણશાસ્ત્ર), ગોલ્ડ મેડાલિસ્ટ – ગુજરાત યુનિવર્સિટી |

**વ્યવસાયિક કારકિર્દી**

– વર્ષ ૧૯૮૨ થી ૧૯૮૯ દરમિયાન સલહાદ્દીન ઓઈલ રિફાઈનરી ઈરાકમાં યુનિટ ઈજનેર તરીકે સેવા આપી

– હાલમાં કેમિકલ ટ્રેડિંગના વ્યવસાયમાં કાર્યરત

**રાજકીય કારકિર્દી**

– શિશુ સ્વયં સેવક

– કોલેજ કારકિર્દી દરમિયાન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સાથે વર્ષ ૧૯૭૬ થી ૧૯૮૧માં સેવા આપી.

– વર્ષ ૧૯૮૭ થી ૧૯૮૯ દરમિયાન દિનદયાલ શોધ સંસ્થાન સાથે સેવા આપી.

– ૧૯૮૯થી ભાજપના સક્રિય સભ્ય

– વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૭ સુધી મણિનગર વિધાનસભા સચિવ તરીકે સેવા આપી.

– વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૨ સુધી ભાજપ વોર્ડ પ્રમુખ, મણિનગર તરીકે સેવા આપી.

- વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૫ સુધી ભાજપ શહેર મહામંત્રી, અમદાવાદ તરીકે સેવા આપી.
- વર્ષ ૨૦૧૫માં મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકે ચૂંટાયા–ભાજપ, મણિનગર વોર્ડ
- વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૭ સુધી લીગલ કમિટીના ઉપાધ્યક્ષ
- વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૦ દરમિયાન AMC–સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે સેવા આપી.
- વર્ષ ૨૦૧૭ – વિધાનસભાની ચૂંટણી દરમિયાન નડિયાદ વિધાનસભા પ્રભારી તરીકે સેવા આપી.
- વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૦ દરમિયાન ભાવનગર શહેરના સંગઠન પર્વ ઈન્ચાર્જ તરીકે પણ સેવા આપી.
- વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૦ દરમિયાન ગુજરાત રાજ્ય ભાજપના કાર્યાલય નિર્માણ પ્રકલ્પ ઈન્ચાર્જ તરીકે સેવા આપી.
- હાલમાં મણિનગર વિધાનસભાના ધારાસભ્ય

**NGO વિગત**

- શ્રી બાજખેડાવાળ કેળવણીના ટ્રસ્ટી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત દવે ફાઉન્ડેશન (વિદ્યાર્થીઓ માટે કાર્યરત)
- શ્રી બોચાસણવાસી અક્ષર પુરષોતમ સંસ્થા (BAPS) સાથે બાળપણથી સક્રિય રીતે જોડાયેલા.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ



### શ્રી જગતભાઈ હસમુખભાઈ દવે

સિરામિક એન્જિનિયર.

જન્મ : ૧૯/૧૨/૫૫,

જન્મ સ્થળ : ડાકોર, જિ.ખેડા.

શાળાકીય શિક્ષણ, રામોલ, તા.પેટલાદ.

ઉચ્ચ શિક્ષણ પેટલાદ. ઉચ્ચતર શિક્ષણ મોરબી.

હાલ ચીફ એક્ઝિક્યુટિવ સિરામિકસ ૧૯૭૬થી રવિકિરણ સિરામિકસ પ્રા.લિ. કણજરી ખાતે હજુ કાર્યરત.

અભ્યાસ કાળ દરમિયાન ગીત, સંગીત, વકતૃત્વ, નિબંધ લેખન, અક્ષર લેખન જેવી વિધવિધ હરિફાઈમાં ભાગ લઈ અગ્રિમ સ્થાન પ્રાપ્ત કરી ઈનામ મેળવ્યાં.

સંસ્કાર વર્તુળ યુવક મંડળનુ નાગરકૂવા પેટલાદમાં સ્થાપના કરી સુપેરે સંચાલન કરી અનેકાનેક વિવિધ પ્રવૃતિઓ આદરી અને નાના મોટા બાળકો અને યુવક યુવતીઓને ગીત, સંગીત, વકતૃત્વ, નેતૃત્વ માં સુશિક્ષિત અને પારંગત કર્યા જે એ બાળકો મોટા થઈને આજેય યાદ કરીને એમનાં બાળકોને શિખવે છે.

રવિકિરણ સિરામિકસમાં પણ સક્રિય અને સક્ષમ રીતે કાર્યરત રહી કારખાનામાં વિવિધ પ્રકારની સિરામિક અને એન્જિનિયરિંગ વસ્તુઓ જે વિદેશથી આયાત થતી હતી તે આપસૂઝથી ડેવલપ કરી અને દેશ વિદેશમાં ગ્રાહકોને પૂરી પાડી છે પરંપરા આજ પર્યંત ચાલુ છે અને ભવિષ્યમાં પણ રહેશે.

વલ્લભ વિદ્યાનગર ખાતે રહેવા આવ્યા બાદ શ્રી બાજ ખેડાવાળ સાંસ્કૃતિક મંડળમાં ઘણા વર્ષોથી મંત્રી તરીકે કાર્યરત રહી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં મહત્વનો ફાળો આપી રહેલ છે.

ધી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, દવે માણેકજી બેચરજી બા. ખે. છાત્રાલય વિદ્યાનગર, અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના પણ કારોબારી સભ્ય છે.

બાજખેડાવાળ પત્રિકાના તંત્રી તરીકે પણ સેવા આપી અને તંત્રીલેખ સ્વરૂપે શ્રીમદ્ ભગવદ્ ગીતા ના અઢાર અધ્યાયનું સુંદર આલેખન સૌ જ્ઞાતિજનો માટે કર્યું.

નિયમિત યોગ, પ્રાણાયામ, કસરત ધ્યાન કરે છે. રોજ સવારે બ્રહ્મ મુહૂર્તમાં ઊઠી જઈ માનસિક પ્રભુ સ્મરણ કરે છે. હરતાં ફરતાં, ઉઠતાં બેસતાં, કામકાજ અને ઊંઘના કલાકોને બાદ કરતાં, શ્વાસે શ્વાસે સ્મરણ નામ અનુસાર, હરેક શ્વાસે અને ઉચ્છવાસે, તે ॥ ૐ હ્રીં નમઃ શિવાય ॥ મંત્રનું માનસ સ્મરણ કરે છે. તદ ઉપરાંત અવારનવાર, વાર તહેવારે, વહેલી સવારે, ૨૦૦ થી વધુ દીર્ઘ ૐ કાર પણ વિવિધ મુદ્રાઓ સાથે કરે છે. વાંચન ને લેખનમાં ઊંડો રસ ધરાવે છે. કુદરતી સૌંદર્ય ધરાવતા સ્થળોએ પ્રવાસ અને હરવા–ફરવાનો શોખ છે. સાદો આહાર ગમે છે.

સહજ રીતે, ઘણા બધા હાઈકુ, વિવિધ કુદરતી સ્થળ, સંજોગો અને સમય ને અનુરૂપ એમણે લખ્યા છે, જે ફેસબુક પર "મારા હાઈકુ...જય જગત"માં નિયમિત પણે એ મુકે છે.

રેકી, એક્યુપ્રેશર જેવી ચિકિત્સા પદ્ધતિના જાણકાર છે. હોમિયોપથી અને આયુર્વેદમાં ઊંડો રસ ધરાવે છે. શિવામ્બુ થેરાપી પણ વર્ષોથી અપનાવી છે અને એની સાથે આયુર્વેદ અને આહાર વિહારમાં જરૂરી ફેરફાર કરી એમના પિતાજી સ્વ.હસમુખભાઈ સાથે રહી લગભગ ૪૦૦૦ જેટલા દર્દીઓનો કોઢ મટાડેલ છે.

હાલ જ્યાં કાર્યરત છે તે રવિકિરણ સિરામિક્સમાં પણ એ સૌ કામદારોના અંગત ચિકિત્સક તરીકે જ સુપ્રસિદ્ધ છે.

ધર્મપત્ની માયાબેન બાજખેડાવાળ મહિલા મંડળ વિદ્યાનગરમાં સક્રિય પણે કાર્યરત છે. દિકરો હર્ષ H D Vivah નામથી ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી અને ફિલ્મ ક્ષેત્રે વિદ્યાનગરમાં કાર્યરત છે. પુત્રવધુ એષા પણ એને સાથ આપે છે. પૌત્ર ચિ. પર્વ ધો. ૧માં વૃજભૂમિ સ્કૂલમાં ભણે છે. દિકરી ચિત્રા અને જમાઈ કૃણાલ દવે, ચિ. દેવાંશ અને ચિ.ખુશી સાથે અમદાવાદ રહે છે.

જીવન તણી, હર એક ઘડીને, આનંદો તમે એ મુદ્રાલેખને એ અનુસરે છે અને બીજા એમના સંપર્કમાં આવનાર સૌને પણ એમ અનુસરવા સૂચિત કરે છે. હરહંમેશએ હકારાત્મક અભિગમના હિમાયતી રહ્યા છે.

॥ જય જગત, જય હિંદ, જયશ્રી કૃષ્ણ ॥

॥ ૐ ॥

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ



| | | |
|---|---|---|
| Name | : | Mauleshkumar R. Mehta |
| Education | : | B.Com. LLB., Practice As Advocate at Nadiad, Anand, Ahmedabad District Giving service as Treasurer at Bajkhedaval Samaj Nadiad also contacted with religious and Social institutions and giving Honorary Service to them |
| Father | : | Late Rameshchandra Jayanandbhai Mehta he was advocateand Notary public Government of India also Notary public Government of India also secretary of Gujarat Khadut Samaj President of Railway Bar Association he was also president of Bajkhedaval Vayast Mandal we was giving is legal and social to charitable and social Institutions |
| Mother | : | Harshaben Daughter of Late Harilal Bhatt grand daughter of Pranshankar Bhatt Ahmedabad |
| Wife | : | Bhavnaben Royal Family Navanagar now Jamnagar her great grand father Jam Ranjitsinhji on who's name we play cricket Ranjit Trophy and also one another trophy play on her family Duleep trophy |
| Daughter | : | Ruchira She has down BBA in sales and marketing |
| Son | : | Jyotirmay studying in Dentel he is tennis and soft tennis player he has represented INDIA in Phillipeans and also represented Gujarat in other state. |

*છેલ્લા ઘણાં વર્ષોથી અવિરતપણે સૌજન્ય મળે છે.*

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ



## શ્રી મુકેશકુમાર કાંતિલાલ દવે

જન્મતારીખ : ૦૬–૧૦–૧૯૬૧

અભ્યાસ : બી.એસ.સી.

મૂળ વતન : ઉમરેઠ, હાલ – આણંદ

વ્યવસાય : એગમાર્ગ કેમીસ્ટ, ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા લાંબો સમય અમૂલ ડેરીમાં સેવા આપી હાલ નિવૃત

મુકેશકુમારના શુભલગ્ન ખંભાત નિવાસી હર્ષાબેન રામનારાયણ ત્રિવેદી સાથે ૧૯૮૭ની સાલમાં થયેલ. તેઓના સંતાનમાં નિશાબેન તથા નેહાબેન બે પુત્રી રત્નો છે. તેઓ શ્રી હાલ આણંદમાં જીવન વિતાવે છે.

નિશાબેનના લગ્ન સચીન જીતેન્દ્રકુમાર દવે સાથે થયેલ છે. તેઓને દેવાંશી નામની પુત્રી છે.

નેહાબેનના લગ્ન ખંજનકુમાર સમીરભાઈ ભટ્ટ સાથે થયેલ છે. તેઓને હવિષા નામની પુત્રી છે.

મુકેશકુમાર કાંતિલાલ દવે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટી તરીકે, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.– સહમંત્રી તરીકે, બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીમાં સહમંત્રી તરીકે વર્ષોથી સેવા આપે છે. બાજખેડાવાળ મંડળ આણંદમાં ખજાનચી તરીકે સેવાઓ આપે છે.

અત્યાર સુધીમાં ૫ વખત સંસ્થાને દાન મળેલ છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ



## શ્રી પ્રણવભાઈ શશીકાન્તભાઈ જોષી

| | | |
|---|---|---|
| માતા | : | સ્વ. હેમાબેન શશીકાન્તભાઈ જોષી |
| પિતા | : | શશીકાન્તભાઈ નંદલાલ જોષી |
| પત્ની | : | શ્રીમતી દિગ્ના પ્રણવ જોષી એડવોકેટ એન્ડ નોટરી, જ્યોતિષ જ્ઞાતા, વાસ્તુ વિશારદ |
| બાળકો | : | ઝીલ (અભ્યાસ ચાલુ, ફાર્મ ડી.) તથા ધ્યાન (અભ્યાસ ધો.૯) |
| અભ્યાસ | : | બી.એસ.સી., એલ.એલ.બી., જ્યોતિષ જ્ઞાતા, જ્યોતિષ ભૂષણ, જ્યોતિષ અલંકાર, જ્યોતિષ સર્વજ્ઞમ્, જ્યોતિષ પરાશરમ્ |
| વ્યવસાય | : | એડવોકેટ એન્ડ નોટરી |

**સેવાકીય પ્રવૃતિ:** (૧) સને ૨૦૧૬ થી ૨૦૨૦ સુધી પૂર્વ પ્રમુખ સભ્ય શ્રી બાજખેડાવાળ સમાજ, નડીયાદ (૨) કારોબારી સભ્ય શ્રી બાજખેડાવાળ સમાજ, નડીયાદ (૩) ઉપપ્રમુખશ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા (૪) પૂર્વ પ્રમુખ શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહા. સહ. મંડળી લી. (૫) મંત્રીશ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાસટી (૬) શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ આયોજીત ૩૧માં રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી, પીપળાવના અધ્યક્ષ તરીકે સેવા આપેલ છે. (૭) અખંડ દીપ જ્યોત શ્રી સંતરામ મંદિર સંચાલીત શ્રી સંતરામ જ્યોતિષ જ્ઞાનપીઠ નડીયાદમાં સને ૧૯૯૬થી જ્યોતીષના વર્ગોમાં નિઃશુલ્ક સેવા આપે છે. (૮) આ ઉપરાંત સમસ્ત બ્રહ્મ સમાજ (માતૃસંસ્થા) ખેડા જીલ્લાના લીગલ સેલ કન્વીનર તરીકે સને ૨૦૨૧થી સેવા આપી રહેલ છીએ. તેમજ સમસ્ત બ્રહ્મ સમાજ (માતૃસંસ્થા) દ્વારા બ્રહ્મ રત્ન એવોર્ડથી સન્માનિત કરેલ છે.

**અન્ય પ્રવૃતિ –** આ સાથે સાથે ૬ વર્ષથી ધી મહેમદાવાદ અર્બન કો.ઓ. બેંક લી.ના ડીરેક્ટર તરીકે સેવા આપે છે.

પ્રણવભાઈનો જન્મ સને ૧૯૭૯માં નડીયાદ મુકામે થયેલ. તેઓનું બાળપણ, અભ્યાસ તથા કર્મભૂમી નડીયાદ મુકામે છે. નાનપણથી જ પિતાના તથા માતાના સંસ્કારમાં જ્ઞાતિ સમાજની સેવા કરવાના સંસ્કાર મળેલ હોવાથી જ્ઞાતિ સમાજની વિવિધ સંસ્થાઓમાં તેઓ પોતાનું યોગદાન પોતાના રોજ બરોજ વકીલાતના વ્યવસાયના કામો ઉપરાંત સફળતાપૂર્વક કરી રહેલા છે. સેવાકીય પ્રવૃત્તિઓ હરહંમેશા માતના સેવાકીય કાર્યોથી પ્રેરણા લે છે તેમજ શ્રી કિરીટકુમાર દવે તરફથી માર્ગદર્શન મેળવે છે. આ સાથે સાથે પત્ની શ્રીમતી દિગ્ના જોષી સાથે મળી અને સને ૨૦૧૮થી ગાંધીનગર–મુંબઈ તથા ચેન્નઈ, મધ્યક્ષેત્રીય બાજખેડાવાળ, રાજસ્થાન બાજખેડાવાળ સમાજ, ઉત્તર ક્ષેત્રીય બાજખેડાવાળ સમાજ, સૌરાષ્ટ્ર બાજખેડાવાળ સમાજ વિગેરેમાં વિભક્ત આપણા સમાજમાં બેટી વ્યવહાર શરૂ થાય તો સમયાંતરે એક સમાજ બને તેમજ દરેકને સુપાત્ર મળે તેવી શુભ ભાવનાથી આ કુલ ૬ ગ્રુપ બનાવેલ છે. જેમાં યુવક–યુવતીના બાયોડેટા અપલોડ કરવામાં આવે છે. સેવાની જ્યોત થકી સતત સમાજમાં પ્રકાશ પથરાતો રહે તેવી મનોકામના સાથે સેવાકુંજ પરમ ધર્મ માને છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ



### શ્રી તરલ (રાકેશ) મહેન્દ્રપ્રસાદ ભટ્ટ

શ્રી તરલ (રાકેશ) મહેન્દ્રપ્રસાદ ભટ્ટ ખૂબ જ સેવાભાવી કાર્યકર છે.

હાલ તેઓ ટાટા મોટર્સ કંપનીમાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવી રહ્યા છે.

પરિવારમાં પત્ની પ્રિતી ભટ્ટ તેઓના સેવા કાર્યમાં સદાય સહભાગી હોય છે. તેઓની એક દિકરી શ્વેતા સૂરજકુમાર મહેતા હાલ અમદાવાદ મુકામે પોતાના સસુરગૃહે રહે છે અને એમ.એન.સી.કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર સુરજકુમાર અને શ્વેતા ફરજ બજાવે છે.

તરલભાઈ ભટ્ટ વર્ષોથી જ્ઞાતિસમાજના વિવિધ મંડળોમાં સેવાઓ બજાવે છે.

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજમાં પ્રમુખ તરીકેની સેવાઓ આપે છે.

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળમાં ઉપપ્રમુખ તરીકેની સેવાઓ આપે છે.

શ્રી પ્રગતિ યુવક મંડળ દ્વારા આયોજિત જ્ઞાતિ સમાજના બાળકોને સમુહ યજ્ઞોપવિતના કાર્યનું સંપૂર્ણ સંચાલન ઘણા વર્ષોથી કરે છે અને હાલ મંત્રી તરીકેની સેવાઓ આપે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં કારોબારી સભ્ય તેમજ શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.માં કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે. જ્ઞાતિના અન્ય મંડળોના સેવા કાર્યોમાં પણ તેઓ સદાય તત્પર રહે છે.

૨૦૦૪થી અવિરતપણે સ્વાગત સૌજન્યની સેવા આપે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ



## શ્રી સમીર સુભાષચંદ્ર દવે

શ્રી સમીર સુભાષચંદ્ર દવેનો જન્મ ગંગાપોળ ઉમરેઠ મુકામે તા. ૫–૭–૧૯૭૭ના રોજ જયશ્રીબેન તથા સ્વ. શ્રી સુભાષચંદ્ર દવેના ઘરે થયેલો અને તેઓ નાનપણથી જ તથ્યોને ખૂબ જ સરળતાથી અને ઝડપી જાણી શકનાર લક્ષણો ધરાવતા હોવાથી અભ્યાસમાં તેઓ B.Com થયા. બાદ DCA તથા ત્યારબાદ LLB, LLM સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલ અને અમદાવાદમાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સને ૨૦૦૨ થી વકિલાતના વ્યવસાય સાથે જોડાયેલા છે અને તેઓ તેમના કાર્યક્ષેત્રમાં ખુબ જ સારી પ્રેક્ટીસ કરી સ્થાયી થયેલા છે અને વકીલ આલમમાં ખુબ જ સારી પ્રતિષ્ઠા ધરાવે છે. તેઓની ઓફીસ પંચવટી, અમદાવાદ મુકામે આવેલી છે. તેઓ તમામ પ્રકારના કેસીસ હેન્ડલ કરવા માટે સક્ષમતા ધરાવે છે. તેઓના પિતા Ex. Amry Man હતા જેઓની સ્ટ્રેન્થ, નિષ્પક્ષતા, બુદ્ધિચાતુર્ય તેમને વારસામાં મળેલ છે અને તેઓ પોતાના કાર્યક્ષેત્રમાં નીડરતાથી આગળ વધી રહ્યા છે.

તેઓના માતાશ્રી જયશ્રીબેન મૂળ ઉમરેઠ અને ત્યારબાદ મુંબઈથી સુરત મુકામે તેઓના પિતાશ્રી સ્વ. ચીમનલાલ નાથજીભાઈ દવે તથા માતા શાંતાબેન સાથે સ્થાયી થયા બાદ સ્વ.શ્રી સુભાષચંદ્ર અંબાલાલ દવે સાથે લગ્ન કર્યા બાદ મોટા પુત્ર રત્ન સચિન તથા બીજા નંબરે સમીર તથા ત્યારબાદ પુત્રી નિશાનો જન્મ થયેલ.

શ્રી સમીરભાઈના લગ્ન સને ૨૦૦૫માં ડાકોર મુકામે રહેતા અને જલારામ ડેરીના નામથી વ્યવસાય ચાલે છે તેવા ઉર્મિલાબેન તથા સ્વ. શ્રી સતિષચંદ્ર મોહનલાલ દવેની પુત્રી વૈશાલીબેન સાથે થયેલા અને લગ્નબાદ તેઓને બે પુત્રીરત્ન નામે માર્મિકા તથા સ્વસ્તિકાનો જન્મ થયેલ અને તેઓ બંને અનુક્રમે ધોરણ ૧૨ પાસ કોલેજમાં અને ધોરણ ૮માં હાલ અભ્યાસ કરી રહ્યા છે અને મણીનગરમાં રહીને મણીનગર મુકામે ડીવાઈન બર્ડ્સ સ્કૂલમાં અભ્યાસ કરી રહેલ છે.

ખરેખર એક પુરુષની સફળતા પાછળ સ્રીનો હાથ હોય છે તે કહેવત ખરેખર સમીરભાઈના કિસ્સામાં સાર્થક થતુ હોય તેમ નાનપણથી જવાની સુધી માતા જયશ્રીબેનનો હાથ અને ત્યારબાદ

વૈશાલીબેન સાથે લગ્ન કર્યા બાદ તથા બંને પુત્રી રત્નના જન્મ બાદ જાણે કે તેઓ ખૂબ જ સફળતા તેઓના જીવનમાં મેળવેલી છે તે ચોક્કસ છે.

તેઓશ્રી સામાજીક વ્યક્તિત્વ ધરાવતા હોઈ સમાજની સંસ્થા શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સભાના હાલ મંત્રી તરીકે તથા શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીમાં પણ મંત્રી તરીકેની સેવાઓ ઘણા સમયથી આપી રહ્યા છે અને આ ઉપરાંત અમદાવાદ મુકામે કાર્યરત શ્રી બાજખેડાવાળ કેળવણી અને સાંસ્કૃતિક મંડળમાં ઘણાં સમયથી કારોબારી સભ્ય તરીકે કાર્યરત છે અને આ ઉપરાંત સમાજના કાર્યો કરવામાં હંમેશા મદદરૂપ થવા માટે હરહંમેશ તત્પર રહે છે.

